આપનું સપ્તાહ કેવું જશે?

તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૨૯/૦૬/૨૦૨૫ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ,લ,ઈ): સપ્તાહ તમારા કેરિયર માટે મહત્ત્વનું રહેશે. વડીલો અને અનુભવી લોકોની સલાહ ઉપયોગી રહેશે. કુટુંબ- પરિવારમાં સંબંધ અને લાગણી વધે. પ્રેમમાં વિશ્વાસ વધશે. આર્થિક બાબતે ચોક્કસ થશો. નવા અનુભવ પ્રવાસમાં થાય. દલાલી, શિક્ષણ, ટેકનોલોજી, ટ્યુશન વગેરે કામમાં પ્રગતિ થાય. જમીન-જાયદાદ-વારસા- સંપત્તિ કે મકાનને લગતી બાબતે કાયદાકીય મદદ મળે. માનસિક બળ આત્મવિશ્વાસ વધારશે.

વૃષભ (બ,વ,ઉ): ચાલુ વીકમાં જીવનશૈલીમાં ફેરફાર થાય. મિડિયામાં ક્રિએટીવ બનશો. આરોગ્ય સુધરે. સોશ્યલ મિડિયા બાબતે ચોક્કસ બનશો. આશાવાદ માનસિક શાંતિનો અનુભવ કરાવશે. લાગણીઓ પર કાબૂ રાખીને આર્થિક નિર્ણય લેવામાં આવે તો લાંબા ગાળે લાભ થાય. કામની કદર થાય. ઉઘરાણી આવે. નવા કામ-ધંધામાં મિત્રો વગેરેની મદદ મળે. પ્રવાસ, પર્યટન, શિક્ષણને લગતાં કામમાં પ્રગતિ.

મિથુન (ક,છ,ઘ): ચાલુ સપ્તાહ પ્રિયજન અને પરિવાર સાથે પસાર કરેલ સમય ઊર્જા પૂરી પાડશે. પ્રવાસમાં મિલન મુલાકાત થાય અને પ્રવાસનો હેતુ પાર પડશે. સ્વાદિષ્ટ ભોજન બાબતે સાવધાની રાખવી. ધાર્મિક પ્રવૃત્તિથી શાંતિ મળે. નોકરી માટેનો ઈન્ટરવ્યુ હકારાત્મક રહેશે. જાહેર અને સમાજજીવનમાં યશ મળે. આર્થિક પ્રગતિથી ઉત્સાહ વધે. વારસામાં કામ થાય. માર્કેટીંગમાં સફળતા મળે.

કર્ક (ડ,હ): સપ્તાહ વિદ્યાર્થીઓની અપેક્ષા પૂર્ણ કરનાર છે. પરીક્ષામાં સફળતા મળે. પ્રેમમાં તાલમેળ વધે. શેર બજારના કામમાં લાભ થાય. વફાદાર મિત્રોનો સાથ મળે. કામનો થાક આરામની ઈચ્છાને મજબૂત કરે માટે માનસિક શાંતિ માટે આરામ કરવો. જો કે સતત વ્યસ્ત રહેવાનું બનશે. નોકરી-વ્યવસાયમાં નવું શીખવાનું મળે. નવા વાતવરણમાં પ્રભાવ વધે તેવાં કામ થાય. પાણીથી દૂર રહેવું.

સિંહ (મ,ટ): ચાલુ વીકમાં જવાબદારી વધશે. સતત વ્યસ્ત રહેવા માટે શારીરિક ફીટ રહેવું પડશે. નોકરીમાં પ્રમોશન સાથે નવા ફેરફાર થાય. જાહેર જીવનમાં પ્રગતિ થાય. પ્રેમમાં સહકાર મળે. વિદ્યાર્થીઓને તક મળે. મિત્રો સાથે મનોરંજન થાય. ઈન્ટરવ્યુમાં મહેનતનું ફળ જોવા મળશે. વાદવિવાદથી સંબંધોમાં ગેરસમજ થાય. વિદેશના કામમાં મદદ મળે. શુભ સમાચાર મળે. ખર્ચા વધશે.

કન્યા (પ,ઠ,ણ): સપ્તાહ પારિવારિક વાતાવરણ માટે પ્રતિકૂળ રહેશે. નવા પ્રશ્નો અને નવી જવાબદારી દોડધામ વધારશે. નવા ફેરફાર પ્રમાણે કામ કરવું પડશે. અચાનક પ્રવાસથી નવી તાજગી મળે. શુભ સમાચાર મળે. નોકરીમાં પ્રગતિ અને ધંધામાં આવક વધશે. સમાજમાં યશ મળે. સંપત્તિના સોદા પાર પડે. નવા ધંધા માટેનું વાતાવરણ મળે. પ્રેમમાં સંબંધો વધે. અભ્યાસમાં પ્રગતિ થાય.

તુલા (ર,ત): સપ્તાહ દરમિયાન પ્લાનિંગ પ્રમાણે ખર્ચ કરવો પડશે. આવક વધે પણ ખર્ચા પર કાબૂ રહેશે નહીં. ઉઘરાણી આવવાથી રાહત થાય. સરકારી નોકરિયાતને પ્રામાણિક રહેવાનો લાભ મળશે. કૌટુંબિક ભાવનાથી સામાજિક પ્રતિષ્ઠા વધશે. વફાદાર મિત્રોનો સાથ મળે. પ્રવાસ, કાયદા, કાનૂન, મિડિયા, વિદેશ અને ઉચ્ચ શિક્ષણ જેવાં કામ પાર પડશે. સ્ત્રી વર્ગનો સાથ ઉપયોગી રહેશે.

વૃશ્ચિક (ન,ય): ચાલુ વીકમાં નોકરીમાં નવા પ્રોજેક્ટની જવાબદારી નેતૃત્વ મળશે. લાગણી પર કાબૂ રાખીને કામ કરવાથી લાભ થશે. રોજના કામમાં આવક વધે. ઉમરલાયકના વિવાહ થાય. નવા સામાજિક સંબંધો વધશે. સરકારી કામમાં પ્રગતિ થાય. વીમા-વારસા, વીલ વગેરેનાં કામ થાય. વિદેશનાં કામમાં પ્રગતિ થાય. ઉચ્ચ શિક્ષણમાં તક મળે. આધુનિક મિડિયા- કાયદા કાનૂન, ટેકનોલોજી વગેરેના કામમાં પ્રગતિ થાય.

ધન(ભ,ધ,ફ,ઢ): સપ્તાહની શરૂઆત ઘરમાં તણાવપૂર્ણ વાતાવરણથી થાય. નાના-મોટા ભાગમાં પ્રગતિ સાથે જવાબદારી વધશે. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો. નોકર-ચાકરથી સાવધાન રહેવું. સરકારી કામમાં પ્રગતિ થાય. કૌટુંબિક પ્રશ્નો સતાવે. ઉમરલાયકના વિવાહની વાત ચાલે. સામાજિક પ્રશ્નો વધશે. સરકારી નોકરીની તક મળે. વારસા-જમીન જાયદાદના કામમાં મદદ મળે. ખર્ચા વધે.

મકર (ખ,જ): સપ્તાહ દરમિયાન વ્યાવહારિક રહેવું. લાગણીઓમાં કામ કરવાથી નુકસાન થાય. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. આવક વધારવાની યોજના બને. સંતાનોના ભવિષ્યની યોજના બને. શેર, સટ્ટા, લોટરીનાં કામ થાય. મોજ-શોખ માટે પ્રવાસ થાય. ખાવા-પીવામાં સાવધાની રાખવી. સરકારી નોકરીમાં જવાબદારી વધશે. અચાનક સફળતા મળે. સમાજમાં અશાંતિ વધશે.

કુંભ (ગ,સ,શ,ષ): ચાલુ સપ્તાહમાં કાર્યસિદ્ધિ મળે. નવા પ્રોજેક્ટની જવાબદારીથી નોકરીમાં પ્રભાવ વધે. નવા ફેરફારથી નવું શીખવા મળે. ઘર, વાહન, મકાનની યોજનામાં પ્રગતિ થાય. નોકરી-ધંધા માટે પ્રવાસ અનુકૂળ રહે. પ્રેમમાં લાગણીઓ પર કાબૂ રાખવો. શેર બજારનાં કામ થાય. વિદ્યાભ્યાસમાં મદદથી ઉત્સાહ વધશે. આરોગ્ય બાબતે યોગ્ય માર્ગદર્શન લેવું જરૂરી રહે.

મીન (દ,ચ,ઝ,થ): ચાલુ વીકમાં આવક વધારવાના નવા રસ્તા મળશે. નોકરી-ધંધા બાબતે સંતોષજનક પ્રગતિનો અનુભવ થાય. ભવિષ્યની યોજનામાં મદદ મળે. મિલકત, જાયદાદના કામમાં વડીલોની મદદ મળે. પ્રોપર્ટી કે મકાન-દુકાન-ઓફિસની ખરીદીની યોજનામાં પ્રગતિ થાય. નવા ફેરફારથી જવાબદારી વધે. નવી જગ્યાએ રહેવા જવાનું બને. અભ્યાસમાં મક્કમ પ્રગતિ થાય. શેર બજારનાં કામ થાય.

UNO અને વિશ્વયુધ્ધ

વિશ્વમાં શાંતિ અને સુરક્ષા કાયમ રાખવા માટે 24-10-1945 United Nations organization સંયુક્ત રાષ્ટ્ર સંઘની સ્થાપના કરવામાં આવી હતી. વિભિન્ન રાષ્ટ્રો વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધ સ્થાપિત કરવા અને આંતરરાષ્ટ્રીય સહયોગને વધારવા માટે કાર્યરત રહેવાનો તેનો હેતુ છે. હાલ 193 દેશ તેના સભ્યો છે. આંતરરાષ્ટ્રીય કાનૂનને સુવિધાજનક બનાવવામાં સંયોગ, આર્થિક વિકાસ, સામાજિક પ્રગતિ, માનવ અધિકાર અને વિશ્વશાંતિ માટે કામ કરવું તેનો મુખ્ય હેતુ આજકાલ ભુલાતો જાય છે. એક ઉમદા હેતુ માટે બીજા વિશ્વયુધ્ધ પછી તેની સ્થાપના કરવામાં આવી હતી. પણ આજે આખું વિશ્વ યુધ્ધની જ્વાળામાં દાઝી રહ્યું છે પણ આ સંસ્થા તેને રોકી શકતી નથી. તેનું શું કારણ? અમુક માથાફરેલ લોકો પોતાના અહંકાર ખાતર પોતાના દેશવાસીઓ સહિત પૃથ્વી પરની માનવજાતને ભયંકર મુસીબતમાં મૂકનાર તત્ત્વો સામે આ સંસ્થા હાંફતી નજર આવી રહી છે. આખી દુનિયાને અમુક તત્ત્વોએ બાનમાં લઈ લીધી છે અને હજારો નિર્દોષ લોકો વાંક ગુના વગર મોતને ભેટે છે. છતાં આ યુધ્ધખોર તત્ત્વોને આ સંસ્થા રોકી શકતી નથી. તેનાં કારણો આપણે જ્યોતિષની દૃષ્ટિએ જોઈએ. વૈદિક જ્યોતિષ પ્રમાણે UNOની મીન લગ્નની કુંડલી આવે છે. મીન રાશિ અને ગુરુ લોકોના જીવનને સુખ-શાંતિ અને આયુષ્ય આપનાર માનવામાં આવે છે. છતાં આજે અડધી દુનિયા યુધ્ધ, વિદ્રા, આતંકવાદ વગેરેથી પરેશાન છે. તેનું કારણ કુંડલીમાં ચોથા-બુધ સ્થાનમાં બળવાન ઉચ્ચનો રાહુ અને કર્મ અને સત્તાસ્થાનમાં બળવાન ઉચ્ચનો કેતુ છે અને ચલિતમાં રાહુ સાથે ચોથા સ્થાનમાં મંગળ-શનિ આવે છે અને સાતમું જે જાહેર જનતાનું સ્થાન છે ત્યાં લગ્નેશ ગુરુ-શુક્ર છે પણ ચલિતમાં સૂર્ય પણ ત્યાં આવે છે. આઠમે મૂળ-કુંડલી પ્રમાણે સૂર્ય બુધ છે અને ત્રીજે ઉચ્ચનો ચંદ્ર મૂળ કુંડલીમાં મંગળ-શનિ પાંચમે છે. મોટા ભાગના ગ્રહો કેતુ અને રાહુના ભરડામાં છે. કાળ સૂર્ય યોગવાળી કુંડલી છે. માટે જ આ ઉમદા હેતુવાળી સંસ્થા પોતાના હેતુમાં સફળ થતી નથી. તેની સ્થાપનાનું આ એંસીમું વર્ષ ચાલે છે ત્યારે માનવસર્જીત ભયાનક નીતિઓના કારણે નિર્દોષ લોકો પીડાવાની સાથે મરણ પામે છે અને આખી દુનિયા યુધ્ધખોર બનીને વિનાશ તરફ ધકેલાઈ રહી છે. ચોથા સ્થાનનો રાહુ સુખ-શાંતિથી રહેવા દેતો નથી. આ કુંડલીમાં રાહુ દેવના સમાન ઉત્તમ ફળ આપનાર છે. પણ ચલિતમાં મંગળ શનિની સાથે આવે છે માટે માણસ સમાન દુષ્ટ ફળ આપનાર બને છે. માટે તે મંગળ-શનિનું ફળ આપે છે. ક્યારેક ભયાનક તો ક્યારેક સર્જનાત્મક માટે 1967થી 1983 સુધીની દુનિયા આટલી ભયાનક ન હતી. જેટલી આજે છે ત્યારે રાહુનો પ્રભાવ હતો. જો કે યુધ્ધ, ભૂખમરો, મહામારી, દુષ્કાળ, આર્થિક સમસ્યા વગેરે તો હતા પણ 2019થી જ્યારથી કેતુની મહાદશા ચાલુ થઈ છે ત્યારથી દુનિયામાં વિનાશનું તાંડવ જોવા મળતું થઈ ગયું છે. હવે આપણે મૂળ વાત પર આવીએ કે હાલમાં ચાલતાં યુધ્ધો શું વિશ્વયુધ્ધ રૂપ લઈ શકે છે. કેતુ સત્તાસ્થાનમાં ધન અગ્નિ તત્ત્વની રાશિ અને મૂળ નક્ષત્રમાં કેતુનું ફળ મંગળ સમાન માનવામાં આવે છે, જે વિનાશ તરફ લઈ જનાર સાબિત થાય છે. સામાન્ય રીતે કેતુ પવિત્ર અને આધ્યાત્મિક ગ્રહ છે. તે અધ્યાત્મ, વૈરાગ્ય, મોક્ષ વગેરેનો કારક છે માટે ભૌતિક સુખ સગવડ સાથે તેને કંઈ જ લેવા દેવા નથી. અગ્નિતત્ત્વનો આ ગ્રહ કઠોરતા અને ઉગ્રતા તરફ લઈ જનાર બને છે. આ કુંડલીમાં ચંદ્ર સિવાયના તમામ ગ્રહો કેતુના અધિકારમાં છે. કેતુથી રાહુ સુધીનો કુંડલીનો ભાગ કેતુના પ્રભાવમાં આવતો હોય છે. ગોચરના ગ્રહો પણ કેતુ રાહુના પ્રભાવમાં કાળ સર્પ સમાન છે. હાલમાં મીનનો શનિ અને કુંભનો રાહુ મંગળના પ્રભાવમાં છે. મૂળ કુંડલીમાં પણ મંગળ-શનિ- રાહુ-કેતુના પ્રભાવમાં ચલિતમાં છે. ગોચરનો ગુરુ મૂળ કુંડલીનાં રાહુ પરથી અંશાત્મક રીતે પસાર થાય છે. રાહુ કુંડલીમાં આર્દ્રા નક્ષત્રના પ્રથમ ચરણમાં છે. ગુરુ મિથુન રાશિમાં સાત અંશનો છે. રાહુ મૂળ કુંડલીમાં આઠ અંશનો આર્દ્રામાં છે અને તા. 13-06-2025 થી ગુરુ આર્દ્રાના પ્રથમ ચરણમાં પ્રવેશ કરતાંની સાથે જ આંશિત ચાંડ્રાય યોગે દુનિયાના માથાફરેલ લોકોની દુષ્ટતાને પ્રજ્વલિત કરી દીધી છે. આ યોગ તા. 28-06-2025 સુધી રહેવાનો છે. ટૂંકમાં તા. 13-06-2025 થી તા. 26-06-2025 સુધીનો સમય વિશ્વને યુધ્ધમાં ધકેલનાર બને છે. તા. 22-06-2025 થી સૂર્યનો આર્દ્રા-નક્ષત્રના પ્રથમ ચરણમાં પ્રવેશ થાય છે. જે 25-06-2025 સુધી રહેશે. મૂળ કુંડલીના ચોથે રહેલા રાહુ પરથી સૂર્ય ગુરુ રાહુના બિંદુ પરથી પસાર થશે અને ગોચરના રાહુની દૃષ્ટિ પણ ત્યાં છે. ગોચરના રાહુ-શનિ કેતુ ગોચરના મંગળની દૃષ્ટિમાં ભયાનક યુધ્ધના સંકેત આપે છે. આજકાલ જે ભયાનક કુદરતી અને માનવસર્જીત ઘટનાઓ ઘટે છે તેનું કારણ મંગળ કેતુની યુતિ છે. UNOની સ્થાપના કુંડલી પ્રમાણે કેતુની મહાદશા જુલાઈ 2019થી જુલાઈ 2026 સુધીની દુનિયા માટે સારી નથી. હાલમાં કેતુની મહાદશામાં શનિની અંતરદશા 19-07-2025 સુધીની અશુભ સંકેત આપે છે. મૂળ કુંડલીમાં મંગળ સાથે અંશાત્મક યુતિ કરતો શનિ ફક્ત એક અંશનો છિદ્ર અવસ્થાનો છે. છિદ્ર અવસ્થાના ગ્રહની દશા-અંતરદશા કે પ્રતિ અંતર દશા વિનાશક માનવામાં આવે છે. તા. 22-06-2025 થી તા. 26-06-2025 સુધી વિશ્વયુધ્ધના સંકેત સમાન છે. તે પછી 19-07-2025 સુધી ભય છે. તે પછી વિશ્વયુધ્ધ થવાની શક્યતા નહીંવત્ છે.

અનુસંધાન ... પાના પહેલાનું

પહેલગામ હુમલો...

રોજ ધાર્મિક ઓળખના આધારે પ્રવાસીઓની તેમનો ધર્મ પૂછીને હત્યા કરી હતી, જેના કારણે તે અત્યાર સુધીનો સૌથી ભયાનક આતંકવાદી હુમલો બન્યો હતો. એનઆઈએએ ગેરકાયદે પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ 1967ની કલમ 19 હેઠળ બંનેની ધરપકડ કરી છે.

બોમ્બની ધમકીને...

12 જૂને અમદાવાદમાં તેના વિમાનની ઘાતક દુર્ઘટનાને પગલે એર ઈન્ડિયાએ સ્વેચ્છાએ સ્થિરતા સુધારવા માટે પ્રી-ફ્લાઈટ સલામતી તપાસમાં વધારો અને સેવાઓમાં કામચલાઉ ઘટાડો કર્યો છે.

એરલાઈને જણાવ્યું હતું કે, ''તમામ પ્રયાસો છતાં મધ્ય પૂર્વમાં એરસ્પેસ બંધ, યુરોપ અને પૂર્વ એશિયાના અનેક એરપોર્ટ પર રાત્રિના સમયે કર્ફ્યુ, હવાઈ ટ્રાફિક ભીડ, અણધાર્યા ઓપરેશનલ સમસ્યાઓ જેવા બાહ્ય પરિબળોને કારણે કેટલીક ફ્લાઈટ્સ મોડી પડે છે અથવા રદ થાય છે.''

ઇરાન-ઇઝરાયેલ યુદ્ધ :...

માં યુક્રેન પરના આક્રમણ પછી તરત જ રશિયા પાસેથી મોટા પ્રમાણમાં તેલ આયાત કરવાનું શરૂ કર્યું. આનું મુખ્ય કારણ એ હતું કે પશ્ચિમી પ્રતિબંધો અને કેટલાક યુરોપિયન દેશો દ્વારા ખરીદી ટાળવાના કારણે રશિયન ઓઈલ અન્ય આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક કરતાં નોંધપાત્ર ડિસ્કાઉન્ટ પર ઉપલબ્ધ હતું.

ઈરાનના ભૂગર્ભ...

સ્થળની આસપાસ કાટમાળ ઉડતો હતો. તેમાં દર્શાવવામાં આવ્યું હતું કે સુવિધા પર ખાસ યુએસ બંકર બસ્ટર બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. હવામાં આછો રાખોડી ધુમાડો પણ લટકતો હતો. ઈરાને હજુ સુધી સ્થળને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કર્યું નથી. અન્ય સેટેલાઇટ છબીઓમાં હુમલા પહેલા ઈરાને ફોર્ડો ખાતે ટનલના પ્રવેશદ્વાર સીલ કર્યા હતા.

અમેરિકા ઈરાન...

દ્વારા ઇઝરાયલ અને ઇરાન વચ્ચેના યુદ્ધમાં સામેલ થયા પછી મધ્ય પૂર્વમાં વધુ લડાઈ તરફ દોરી શકે તેવા જોખમનો સામનો કરી રહ્યો છે. 12 જૂને ઇઝરાયલ દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાઓમાં ઇરાનના પરમાણુ સુવિધાઓ અને સેનાપતિઓને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેના કારણે ઇરાને બદલો લેવાનું શરૂ કર્યું હતું. જ્યારે યુએસ અધિકારીઓએ સાવધાની રાખવાની વિનંતી કરી હતી અને ભાર મૂક્યો હતો કે વોશિંગ્ટન દ્વારા ફક્ત પરમાણુ સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા હતા, ત્યારે ઇરાને આ કાર્યવાહીને તેના બંધારણ, સાર્વભૌમત્વ અને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવીને ટીકા કરી હતી. ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ રવિવારે કહ્યું હતું કે તેહરાન જે પણ પગલાં લે છે તેના માટે વોશિંગ્ટન ''સંપૂર્ણપણે જવાબદાર'' છે.

ઈરાનના રાષ્ટ્રપતિ...

વહેલી પુન:સ્થાપના માટે સંવાદ અને રાજદ્વારી એ આગળ વધવાનો માર્ગ છે. મોદીએ કહ્યું, ''અમે વર્તમાન પરિસ્થિતિ વિશે વિગતવાર ચર્ચા કરી. તાજેતરની ઉગ્રતા પર ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી.'' વડા પ્રધાને ઉમેર્યું હતું કે, ''તાત્કાલિક તણાવ ઓછો કરવા, વાતચીત અને રાજદ્વારી નીતિ અપનાવીને આગળ વધવા અને પ્રાદેશિક શાંતિ, સુરક્ષા અને સ્થિરતાની વહેલી તકે પુન:સ્થાપનાનું આહ્વાન કરીએ છીએ.''

ઈરાની પરમાણુ સુવિધાઓ પરના અમેરિકાના હુમલાથી વ્યાપક પ્રાદેશિક સંઘર્ષનો ભય પેદા થયો છે, જેમાં ઘણા અગ્રણી દેશો અને જૂથોએ સંયમ રાખવાની હાકલ કરી છે.

અમેરિકાએ પોતે...

ટેકો આપીને ડીપ્લોમસી સાથે દગો કર્યો હતો, એમ મંત્રાલયે જણાવ્યું હતું. હવે, યહુદી શાસન દ્વારા કરવામાં આવેલા ઉલ્લંઘનો અને ગુનાઓની સાંકળ પૂર્ણ કરીને, અમેરિકાએ પોતે જ ઈરાન સામે ખતરનાક યુદ્ધ શરૂ કર્યું છે એમ કહેતા તેમાં ઉમેર્યું હતું કે ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન યુએસ લશ્કરી આક્રમણ અને આ બદમાશ શાસન દ્વારા કરવામાં આવેલા ગુનાઓ સામે સંપૂર્ણ બળથી પ્રતિકાર કરવાનો અને ઈરાનની સુરક્ષા અને રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવાનો પોતાનો અધિકાર અનામત રાખે છે.'' અગાઉ, વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચી, જેમણે સોશિયલ પ્લેટફોર્મ X પર પોસ્ટ કર્યું હતું, તે અમેરિકનો દ્વારા ઇસ્ફહાન, ફોર્ડો અને નાતાન્ઝ પર કરવામાં આવેલા હુમલાઓ પર ટિપ્પણી કરનાર પ્રથમ રેન્કિંગ અધિકારી હતા. આજે સવારે બનેલી ઘટનાઓ આઘાતજનક છે અને તેના કાયમ રહેનારા પરિણામો આવશે એમ અરાઘચીએ લખ્યું હતું તેમણે ઉમેર્યું હતું કે યુએન ચાર્ટર અને સ્વ-બચાવમાં કાયદેસર પ્રતિભાવ આપવાની મંજૂરી આપતી તેની જોગવાઈઓ અનુસાર, ઈરાન તેના સાર્વભૌમત્વ, હિતો અને લોકોનું રક્ષણ કરવા માટે તમામ વિકલ્પો અનામત રાખે છે.

અમેરિકાએ ઇરાનના...

છે. ટ્રમ્પે કોંગ્રેસની મંજૂરી વિના જ આ કાર્યવાહી કરી હતી અને તેમણે ચેતવણી પણ આપી હતી કે જો તેહરાન અમેરિકી દળો સામે બદલો લેશે તો વધારાના હુમલા કરવામાં આવશે. કાં તો શાંતિ થશે અથવા ઈરાન માટે કરૂણાંતિકા સર્જાશે એમ ટ્રમ્પે કહ્યું હતું.

અમેરિકન હુમલાના કલાકો પછી, ઈરાનના અર્ધલશ્કરી રિવોલ્યુશનરી ગાર્ડે જણાવ્યું હતું કે તેણે ઇઝરાયલ પર 40 મિસાઈલોનો હુમલો કર્યો હતો, જે મિસાઈલોમાં તેના ખોરમશહર-4નો પણ સમાવેશ થાય છે, જે અનેક બોમ્બ વહન કરી શકે છે. ઇઝરાયલી અધિકારીઓએ અહેવાલ આપ્યો હતો કે 80 થી વધુ લોકોને મોટાભાગે નાની ઈજાઓ થઈ હતી, જો કે તેલ અવીવમાં એક બહુમાળી ઇમારતને નોંધપાત્ર નુકસાન થયું હતું, તેનો આખો રવેશ ફાડી નાખવામાં આવ્યો હતો જેથી અંદરના એપાર્ટમેન્ટ ખુલ્લા પડી ગયા. શેરીની બાજુના ઘરો લગભગ સંપૂર્ણપણે નાશ પામ્યા હતા. એક અમેરિકન અધિકારીએ જણાવ્યું હતું કે આ હુમલામાં ઈરાનના ફોર્ડો પરમાણુ બળતણ સંવર્ધન પ્લાન્ટ પર બંકર-બસ્ટર બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે પ્લાન્ટ પર્વતની અંદર ઊંડે બનાવવામાં આવ્યો છે અને સૌથી વધુ ચર્ચા એની જ હતી. બંકર બસ્ટર બોમ્બ જમીનની અંદર પ્રવેશી વિસ્ફોટ કરી શકે છે. વધુમાં, અમેરિકન સબમરીન દ્વારા લગભગ 30 ટોમાહોક મિસાઈલો છોડવામાં આવી હતી, એમ અન્ય એક અમેરિકન અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું.

ઈરાન પર હુમલો...

મોત', 'ઈઝરાયલનું મોત' કહેતું રહ્યું છે.'' ''તેઓ આપણા લોકોને મારી રહ્યા છે, રસ્તાના કિનારે બોમ્બથી તેમના હાથ-પગ ઉડાવી રહ્યા છે.''

વિશ્વના અનેક.

છે એમ તેમણે કહ્યું હતું. બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટામરે ઈરાનને કટોકટીનો રાજદ્વારી રીતે અંત લાવવા માટે વાટાઘાટોના ટેબલ પર પાછા ફરવાનું આહ્વાન કર્યું, અને કહ્યું કે આ અસ્થિર પ્રદેશમાં સ્થિરતા એ પ્રાથમિકતા છે. અત્રે નોંધનીય છે કે યુકે, યુરોપિયન યુનિયન, ફ્રાન્સ અને જર્મનીએ સાથે મળીને, ગયા અઠવાડિયે જીનીવામાં ઈરાન સાથે રાજદ્વારી ઉકેલ લાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. યમનના હુથી બળવાખોરો અને હમાસ બંનેએ યુએસ હુમલાઓની નિંદા કરી છે. હુથીઓએ ઝિયોનિસ્ટ અને અમેરિકન આક્રમણ સામેની લડાઈમાં ઈરાનને ટેકો આપવાની પ્રતિજ્ઞા લીધી હતી. ચીનના સરકાર સંચાલિત મીડિયા દ્વારા એક ફ્લેશ ટિપ્પણીમાં પૂછવામાં આવ્યું હતું કે શું અમેરિકા પોતે ઇરાકમાં કરેલી ભૂલનું ઇરાનમાં પુનરાવર્તન કરી રહ્યું છે? ચીનના સરકારી પ્રસારણકર્તાની વિદેશી ભાષાની શાખા CGTNના ઓનલાઈન લેખમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકી હુમલાઓ એક ખતરનાક વળાંક છે. ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, જાપાન જેવા દેશોએ પણ શાંતિ માટે હાકલ કરી છે.

ટ્રમ્પની નેતાગીરીએ...

એવો માર્ગ બનાવ્યો છે જે મધ્ય પૂર્વ અને તેમના ઉપરાંતના દેશોને સમૃદ્ધિ અને શાંતિના ભવિષ્ય તરફ દોરી શકે છે એમ નેતન્યાહૂએ ભારપૂર્વક જણાવ્યું હતું. પ્રમુખ ટ્રમ્પ અને હું ઘણીવાર કહીએ છીએ: શક્તિ દ્વારા શાંતિ. પહેલા શક્તિ આવે છે, પછી શાંતિ આવે છે એમ ઇઝરાયલી વડા પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું. અને આજે રાત્રે, પ્રમુખ ટ્રમ્પ અને અમેરિકાએ ખૂબ જ શક્તિ સાથે કામ કર્યું એમ તેમણે કહ્યું હતું. ઇઝરાયલના રાષ્ટ્રપતિ આઇઝેક હર્ઝોગે ઇરાની પરમાણુ સુવિધાઓ પરના અમેરિકાના હુમલાને 'નિર્ણાયક ક્ષણ' અને સ્વતંત્રતા, જવાબદારી અને સુરક્ષાનો વિજય ગણાવ્યો હતો.

રશિયાએ ઇરાની...

ઇરાની પરમાણુ સુવિધાઓ પર અમેરિકી બોમ્બમારા બાદ અમેરિકી સમકક્ષ ડોનાલ્ડ ટ્રમ્પને ડાયલ કરવાની કોઈ તાત્કાલિક યોજના નથી. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે જણાવ્યું હતું કે, આવી કોઈ યોજના નથી. જો કે, તેમણે ઉમેર્યું કે જરૂરિયાતની સ્થિતિમાં ફોન કોલ ઝડપથી ગોઠવી શકાય છે.

હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ
HeroHousing Finance
સંપર્ક સરનામું: A-6, ત્રીજો માળ, સેક્ટર-4, નોઇડા - 201301.
નોંધણી કાર્યાલય: 09, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - 110057,
ફોન: 011 49267000, ટોલ ફ્રી નંબર: 1800 212 8800, ઇમેઇલ: customer.care@herohfl.com
વેબસાઇટ: www.herohousingfinance.com | CIN: U65192DL2016PLC30148

ડિમાન્ડ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 ("અધિનિયમ")ની કલમ 13 (2) હેઠળ, જે સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ("નિયમો")ના નિયમ 3 સાથે વાંચવામાં આવે છે.

જ્યારે નીચે સહી કરનાર હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (HHFL)ના અધિકૃત અધિકારી છે, જે કાયદા હેઠળ અને નિયમોની કલમ 13 (12) અને નિયમ 3 હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, કાયદાની કલમ 13(2) હેઠળ નીચે તારીખે વિગતવાર ડિમાન્ડ નોટિસ જારી કરે છે, જેમાં ઋણ લેનાર/સહ-ઋણ લેનાર/ જામીનદાર/ જામીનદાર(ઓ) (બધા એકલા અથવા એકસાથે "દેવાદાર" તરીકે ઓળખાય છે)/કાનૂની વારસદાર/કાનૂની પ્રતિનિધિ(ઓ) ને નીચે આપેલ વિગતો અનુસાર, સંબંધિત ડિમાન્ડ નોટિસ/નોટિસમાં ઉલ્લેખિત રકમ 60 દિવસની અંદર ચૂકવવા માટે આહ્વાન કરવામાં આવે છે.

ઉક્ત નોટિસની નકલો રજિસ્ટર્ડ પોસ્ટ એ.ડી. દ્વારા બજાવવામાં આવે છે અને નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે, અને ઉક્ત જવાબદારી/કાર્યદેસર વારસદાર/કાનૂની પ્રતિનિધિ(ઓ), જો તેઓ ઇચ્છે તો, સામાન્ય કાર્યવાહીના કલાકો દરમિયાન કોઈપણ કાર્યકારી દિવસે નીચે સહી કરનાર પાસેથી સંબંધિત નકલ મેળવી શકે છે.

ઉપરોક્ત સંદર્ભમાં, ફરી એકવાર, ઉપરોક્ત બંધનકર્તા/કાનૂની વારસદાર/કાનૂની પ્રતિનિધિ(ઓ)ને નોટિસ આપવામાં આવે છે કે તેઓ સંબંધિત નોટિસ/નોટિસની તારીખથી 60 દિવસની અંદર, નીચે દર્શાવેલ રકમ, તેમના સંબંધિત નામો સામે, નીચે આપેલા વ્યાજ સાથે, કોલમ (d) માં નીચે દર્શાવેલ તારીખોથી ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી, લોન કરાર અને અન્ય દસ્તાવેજો/લેખનો, જો કોઈ હોય તો, ઉક્ત બંધનકર્તા(ઓ) દ્વારા અમલમાં મુકવામાં આવેલ હોય ત્યાં સુધી HHFLને ચૂકવ